# રક્ષાબંધન પર્વની
# ઉજવણી




**શાળાનું નામ:**

**તાલુકો:** **જિલ્લો:**

# રક્ષા બંધન ઉજવણી

અમારી શાળામાં તા. ..................... ના રોજ રક્ષાબંધના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો દ્વારા તહેવારના મહિમાં પર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. આ વાર્તાલાપમાં બ્રહ્મ દિન, બ્રાહ્મણ પૂનમ, રક્ષાબંધન...! રક્ષાબંધન એટલે રાખડી બાંધવી તે માત્ર રાખડી બાંધી કે બંધાવી આપવી, એટલે પત્યું. એમ નહી, પણ રક્ષાબંધન પાછળ જે ભાવના ભરી પડી છે, જે તત્વજ્ઞાન સમાયું છે. અને જે મહાન જવાબદારી રહેલી છે, તેનું યથાર્થ પાલન થાય તે આવશ્યક છે.

રક્ષા બંધન નો સાચો અર્થ શું છે?

ર = રક્ષા કરજે વીરા તારી બહેન ની

ક્ષા = ક્ષમા કરજે વીરા તારી બહેનને

બં = બંધન માંથી મુક્ત કરજે વીરા તારી બહેનને

ધ = ધ્યાન રાખજે વીરા તારી બહેનનું

ન = ન ભૂલતો વીરા તારી બહેનને

એક સંદેશ બહેન માટે



જો આ સંદેશ બધા ભારતીય સુધી પહોંચશે તો સાચા અર્થ માં રક્ષા બંધન ઉજવાઈ કહેવાય.

રક્ષા બંધન, સ્વાપર્ણ, શૌર્ય, સૌજન્ય સાહસ, અને ભાઇ-બહેનના નિર્મળ પ્રેમનું નિસ્વાર્થ સ્નેહનું પ્રતિક છે. એમાં રહેલી ધર્મ ભાવના, કર્તવ્ય પરાયણતા, અને હૃદયની વિશાળતા રજૂ કરતું વ્રત અત્યંત આદરણીય અને પાવનકારી છે.

## ઈતિહાસ

ભારતીય પરંપરાઓ અનુસાર, આ દોરો તેમની બહેનો દ્વારા માત્ર ભાઈઓના કાંડા પર બાંધવામાં આવતો ન હતો, પરંતુ પ્રાચીન સમયમાં પણ સમકાલીન પાદરીઓ આ રક્ષક દોરાને તેમના રાજાઓના કાંડા સાથે બાંધતા હતા. હિંદુ પૌરાણિક કથાઓ અનુસાર, ભગવાન ઇન્દ્રની પત્ની, શચીએ ઇંદ્રને દુષ્ટ રાજા બાલીથી બચાવવા માટે બંગડી બાંધી હતી. તેથી ભારતના પશ્ચિમી રાજ્યોમાં, પત્નીઓ તેમના પતિ સાથે આ વિધિ કરે છે. ઘણા ઐતિહાસિક પુરાવા છે, જે આપણને આ તહેવારના મહત્વ વિશે યાદ અપાવે છે અને દરેક વખતે આ તહેવાર એ જ મૂલ્યો પર ભાર મૂકે છે, જે તહેવારની સાથે ભળી ગયા છે. આ પ્રસંગની પાછળ પણ વર્ષો જૂની વાર્તા છે. એવું કહેવાય છે કે મેવાડની રાણી કર્ણાવતીએ મુગલ સમ્રાટ હુમાયુને સુલતાન બહાદુર શાહની મદદ માટે વિનંતી કરીને રાખડી મોકલી હતી. હુમાયુએ વિનંતી સ્વીકારી અને તેણે તેને કટોકટીમાંથી બહાર કાઢવામાં મદદ કરી. એક ગ્રીક મહિલાએ પણ પોરસ સાથે આવું જ કર્યું. છેલ્લા મુઘલ બાદશાહ બહાદુર શાહ ઝફરે આદેશ આપ્યો હતો કે રક્ષાબંધન ધામધૂમથી



ઉજવવામાં આવે. બ્રિટિશ શાસન દરમિયાન, આ તહેવાર તમામ સમુદાયો વચ્ચે મિત્રતા અને એકતાને પ્રોત્સાહન આપવા માટે ઉજવવામાં આવ્યો હતો. રવીન્દ્રનાથ ટાગોરે પણ બંગાળના વિભાજનને રોકવા માટે રાખીનું માધ્યમ માંગ્યું હતું.


રક્ષાબંધનને બળેવ પણ કહે છે, બળેવ એટલે બળ અને બલિ ઉભયની ભાવના જેના પાયામાં પડી છે, ત્યાગ અને તિતિક્ષાની તમન્ના જેમાં ભરી છે. પ્રેમ અને સંસ્કારની સૌરભ જેની ઉજવણીમાં મહેકતી જોવા મળે છે. એવા આ દિને, ભારતના ભડવીર સાહસિક સાગર ખેડૂ બનીને વહાણવટે ઉપડતાં અને અખૂટ જળ ભંડારને ખોળે ખેલતાં ખેલતાં, નાળીયેર પધરાવી, સાગરનું પૂજન કરી, આખી દુનિયા ખુંદી વળતાં, આ પ્રસંગમાં ખલાસીઓ, વહાણવટીઓ વેપારીઓ પણ સામેલ થતાં તે વખતે ઐકય સાથે ઉમંગની છોળો ઉડતી. અને સાચા ભ્રાતૃભાવનો પરિમલ પથરાઇ રહેતો આવું છે આ વ્રત પર્વ નાળીયેરી પૂનમ...!




વૈદીક વેદ પુરાણને અનુસરનારા ગામ, શહેર સમસ્તનો બ્રહ્મસમાજ સમુહમાં હળી મળી પોતાની ઉપવિત - જનોઇ વેદના મંત્રોચાર અને ગાયત્રી ઉપાસના સાથે સાગર કે સરિતાના તીટ, દેવ મંદિરના સાનિધ્યમાં વિધિપૂર્વક બદલાવે છે, અને બાર માસ જૂની જનોઇ બદલાવી નવા આચાર વિચાર સાથે નવી ઉપવિત ધારણ કરે છે.નવી જનોઇ ધારણ કર્યા પછી વર્ણનામ બ્રાહ્મણો ગુરૃ તરીકે ચાર વર્ણને રઢીયાળુ રક્ષાબંધન બાંધી આશિર્વાદ આપી, ક્ષેમ કુશળ ઇચ્છે છે. અને આ આશિર્વાદના બદલામાં ધનવાનો, યથા શકિત દક્ષિણા

આપે છે. આ દાન પાછળનો હેતુ અને ભાવના જોઇએ તો વિદ્યા અને વિપ્રના માન સન્માન અને રક્ષાની કદર, રક્ષક અને રક્ષકોનો મીઠો ઉજળો સંબંધ.જનોઇ માત્ર સુતના ત્રાગડાનું તુત કે ભુત નથી સોળ સંસ્કારમાનો એક ઉત્તમ સંસ્કાર છે. જનોઇ ધારણ કર્યા પછી જ સંસ્કાર દ્વિજ ઉચ્ચતે કહેવાય છે.

રક્ષાબંધન, એટલે ભાઇ - બહેનના નિર્મળ પ્રેમની પ્રસાદી રાખડી...! મામુ઼ુલી દોરો નથી...! સુતરનો રંગબેરંગી તાતણો નથી...! પણ ત્યાગનું મહામુલુ પવિત્ર પ્રતિક છે...! શણગાર છે...!બજારમાં વેંચાતી ભારે ભપકાદાર, ઝળાહળ કરતી ખર્ચાળ રાખડી



કરતાં, હાથે કાંતેલાં સુતરનો રંગીન તાતણો વધારે કિંમતી છે. બાહ્રરૂપ કરતાં તેના ગુણ પ્રભાવને પીછાણીએ, એ જ છે, રક્ષાબંધનની મહત્તા...!

આજે અંતરના આશિષ સાથે, બહેન ઉમળકાભેર પોતાના ભાઇને કપાળે કુમકુમ તિલક કરી, ચોખા ચોડી, જમણે હાથે રાખડી બાંધે છે. અગર તો મોકલે છે. અને ભાઇ પાસેથી પોતાના રક્ષણનું વચન માંગતા માંગતા આશિષ આપે છે ત્યારે ભાઇ બહેને માંગેલા રક્ષણની ખાતરી આપતાં યથા શકિત દક્ષિણા આપી બહેનને ખુશ કરે છે, રક્ષા બંધનના આદર્શ પવિત્ર પાઠો નવા યુગના ભાઇ -બહેનો એ શીખવા જેવા છે.

આપણાં પુરાણોમાં વ્રત અને પ્રતિક રાખડીનો મહિમા ઘણો મોટો છે. પવિત્ર છે. દાનવો સામે લડતાં લડતાં દેવરાજ ઇન્દ્ર હારી ગયા અને ઇન્દ્રાસન તથા દેવલોક ભયમાં મુકાયા ત્યારે ઇન્દ્રાણીએ, ઇન્દ્રને રાખડી બાંધી, રક્ષાબંધન વ્રત કર્યુ. જેના પ્રભાવે ફરી યુધ્ધ લલકાર કરીને ઇન્દ્રએ વિજય મેળવ્યો.

માતા કુંતીએ વીર અભિમન્યુને વ્રત કરીને રક્ષાબંધન બાંધ્યું. પછી કૌરવો સામે સાત કોઠા યુધ્ધ લડવા મોકલ્યો.

કુંતા અભિમન્યુને બાંધે રાખડી...! અમર રાખડી...! અને એ રાખડીએ રંગ રાખ્યો...!




મેવાડની મહારાણી અને વીર રાણી કર્ણાવતીએ મોગલ સમ્રાટ હુમાયુ ને ભાવ ભીનું રક્ષાબંધન મોકલી ભાઇ બનાવ્યો. અને જીભના માનેલાં આ ભાઇએ પોતાની બહેનની રક્ષા, જાનના જોખમે કરી બતાવી...!

બલિપૂજન આજે કરીને બલિના હાથે રાખડી બાંધીને લક્ષ્મીજીએ પ્રભુને છોડાવેલાં આજે પણ બલિપૂજા કરવાથી શોક નાશ પામે છે. પાપ મુકત થાય છે. કારતુક સુદ-૧ ના દિને થતું બલિ પૂજન વ્રત આજે યાદ આવે છે.

રક્ષાબંધન વ્રતના પ્રભાવે ભાઇ - બહેનના હેત વધે છે. આયુષ્ય વધે છે. અને ધનધાન્ય સંપતિની વૃધ્ધી થાય છે.

ગૌરાંગ જોશી મુખ્ય શિક્ષક પ્રાથમિક શાળા અને સ્ટાફ ગણ સાથે મળીને વૃક્ષની પૂજા કરી રક્ષા બાંધી તેને બચાવવા માટે પ્રતિજ્ઞા લીધી હતી.ઝાડ અને છોડવાનું રક્ષણ બની રહે તે માટે તેને રાખડી બાંધી પર્યાવરણ બચાવોની દિશામાં ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ કર્યુ હતું.



# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર   ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION